
ગરબાવળી

કર્વી દલપતરામ ડાહ્યાભાઈ

ની બનાવેલી

સોખીલા વાંચનારાઓને વાસ્તે

૧૯૧૨



અમદાવાદમા

માણેકચોક નજીક કાગદીઓળમાં ખોટા

ઢોરના મકાનમાં અમદાવાદ

વીકટોરીયા પ્રેસમાં.

મગનલાલ ઊમેદચંદે છાપી

પ્રસિદ્ધ કરી.

૧૯૩૯ સને ૧૮૮૩

કિંમત રૂ. ૦—૪—૦

અનુક્રમણીકા.

ગરબી.

ગરબાવળી.

ચાલ વિશે ગરબી

ચાલો તમે ચાલ ઘણી રૂડી;
મુકી દી જાણી હોય ભુંડી. ચાલો૦ ૧
રમવું તો ડાહ્યાની સાથે,
કે કજીયો નહી આવે માંથે. ચાલો૦ ૨
વસ્ત્ર વગરનાં નહી ફરીએ;
મા બાપનું બોલ્યું મન ધરીએ. ચાલો૦ ૩
ભુંડી બાળી સાથે નહી રમીએ;
બોલવું વાહાલાનું ખમીએ. ચાલો૦ ૪
બીજા જેવું કાંઇ લેવા માટે;
ન લડીએ મોટાના સાથે. ચાલો૦ ૫
સાચું બોલે તે સારી;
જુઠે તો દુઃખ થાશે ભારી. ચાલો૦ ૬
વિદ્યા ભણશે તે સારી,
તેના પર જઇએ બલીહારી. ચાલો૦ ૭
ઘરેણા વગરના નહી ફરીએ;
મોટાજીની શીક્ષા મન ધરીએ. ચાલો૦ ૮

છોડીઓને ભણવા વિશે ગરબી.

બેહેનો તમે ભાવ સહિત ભણજો;
આડા લોકો નિંદે તે નવ ગણજો. બેહેનો. ૧
ભણે તેતો ભગવંતને ભાવે;
એથી દીલ જ્ઞાન અધીક આવે;

તજી આગુણ સદ્ગુણ આવે. બેહેનો. ૨
ભણે તેતો આપજસથી ભાગે,
જેને લાગી લાજનો ખપ જાગે,
મોટી સતીઓનું પદ માગે. બેહેનો. ૩
દુરાચાર હોય ન ભણે તેમાં.
જગ્યા જુઓ ફરી રહે જેમાં;
અધીકનો દુણ અમણુ એમાં. બેહેનો. ૪
ભણેલી હતી રૂકમણી રાણી,
મીરાંબાઇ મુલકમાં વખાણી;
જેની કવિતા જગ સૌ જાણી. બેહેનો. ૫
બીયાને પાપ ભણે લાગે,
એવું કોઇ લખી ન ગયા આગે;
મોડે બોલનારા જુઠી માગે. બેહેનો. ૬
ભણ્યા વિના ક્યાંથી અક્કલ આણે,
નિતીની રીતી તે કેમ જાણે;
ભણ્યા વિના જન પશુ પ્રમાણે. બેહેનો. ૭
ભણી ગણી નગરની નારી,
શી રીતે નહી કહીએ સારી;
ચતુર લેજો ચીતમાં વિચારી. બેહેનો. ૮
ભણો તમે આળસ ખુબ છોડી,
થશે તેથી લાજ નહી થોડી;
કહે દલપત બે કર જોડી. બેહેનો. ૯

ગોરણ્યો વિશે ગરબી

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીને એ રાગ.

અમદાવાદ નામે આજ, સેહેર છે સારૂં રે;

રાજા કંપની કેરૂ રાજ, પ્રજાને પ્યારૂ રે. ૧
ઓટા વચ્ચે માણેક ચોક, સોભા સારી રે;
વસે લક્ષાપતી બહુ લોક, વડા વેપારી રે. ૨
નદી સાબરમતી વહે નીર, સેહેર સમીપે રે;
દેવતાઓના તેને તીર, દેવલ દીપે રે. ૩
એવી જુગતીઓ જોતાં અનેક. મન લાગે મીઠુ રે;
પણ અચરત મોટું એક દ્રષ્ટાંએ દીઠું રે. ૪
તેથી તેરશ પેહેલે પક્ષ, અસાડી આવે રે;
તારે ગોરચ પુજ્યાનો લક્ષ છોડીયો લાવે રે. ૫
પાંચ દીન લગી એક અન્ન; મોળુ જમે છે રે;
મોહેટા હરખ ધરીને મન, રોજ રમે છે રે. ૬
પુજે વાવી જવેગ ઘેર, ગોરચ રીઝાવે રે;
જાય પ્રીતે મળી બહુ પેર, નદીએ ન્હાવા રે, ૭
અન્યો અન્ય કરે ઉદમાત, નઠારૂ બકે છે રે;
આઇ ગોરચ પુજ્યાની વાત છાકી છકે છે રે;
જેવી હોય રાણીની ઘેર, એવી અતીશે રે;
બોલે ભડવાની પુત્રીઓ પેર, દુષ્ટ ત્યાં દીસે રે. ૮
તેના માત પીતાને ભ્રાત, પુત્ર હશે પાછી રે
જ્યારે સાંભળતા હશે વાત. થતાં હુશે રાજી રે. ૧૦
કોઇ સાહેબ એવી વાત, દેખે એ રીતે રે;
તેના માત પતાની જાત, પુછે છે પ્રીતે રે. ૧૧
ત્યારે કેવી વધે છે લાજ, મળે શાબાશી રે;
એવા નિર્લજ લોકો આજ, સેહેરના વાશી રે. ૧૨
કરૂં વિનતી સમાચાર પત્ર; શ્રવણ ધારજે રે;
તેના નામ લખી સરવત્ર, જાહેર કરજે રે, ૧૩

ઘણા નિંદાના લખજે શ્લોક, રખાડજે નીતી રે.
તેથી લાજ પામે એ લોક, તજે તે રીતી રે. ૧૪
હવે કહુંછું જોડીને હાથ, વીવેકીને ગમવા રે;
એવી નિર્લજ છોડીઓ સાથ, ન જાવું રમવા રે.
હેને ગોર પુજ્યાનું નામ, કામ એ કરવું રે;
મોટું પાપ ઠરે એ કામ; દીલમાં ડરવુ રે. ૧૬
ધરી મોટો હરખ મન માંહી, વરત દીન જેદી રે;
પણ કુટવા રોવાનુ કાંઇ, ન કરવુ તે દીરે. ૧૭
છોટાપણમાં પડે જે ટેવ, ટળે નહી ટાળી રે,
માટે નીતી શીખો તતખેવ, બોલો સભારી રે; ૧૮
કદી પુરીએ નહી કોઇ કામ. શાહેદી જુઠી રે,
લેઇએ પરમેશ્વરનુ નામ, પ્રભાતે ઉઠી રે. ૧૯
પતી માત પીતાની સેવ, કોડે કીજે રે;
જેથી દલપતરામનો દેવ. દીલમાં રીઝે રે. ૨૦

સુંદરબાઇને સાસરે જતાં શીખામણની ગરબી

"અચકો મચકો કારેલી" એ રાગની

સુંદર બાઇ ચાલ્યાં સાસરીએ,
માબાપ શીખામણ આપે બેન લાજ વધારજો લાખેણી
નીચ કુળની નિરલજ નારી,
ઘરચારનુ વેણ ઉથાપે બેહેન; લાજ૦ ૧
સાસુજી કહે તે સાંભળ જો,
કોઇથી વઢવાડ ન કરસો બેહેન લાજ૦ ૨
સાંખી રેહેજો બોલ્યું સહુનુ,
અભીમાન અંતર ન ધરશો બેહેન. લાજ૦ ૩

ઘરમાં બેઠાં ધંધો કરીએ,
પર ઘેર ઘણું નવ જઈએ બેહેન, લાજ૦ ૪
તમે ભણ્યાં ગણ્યાં બહુ છો ડાહ્યાં;
તમને ઝાઝુ શું કહીએ બેહેન. લાજ૦ ૫
એલાં ઘેલાં તો નવ રહીયે,
ચટકો મટકો નવ કરીએ બેહેન લાજ૦ ૬
કોઈ વાત કરે વાંસે લોકો;
એવું કદીએ ન આચરીએ બેહેન. લાજ૦ ૭
જે સપુત છે સારી છોડી;
માબાપની લાજ વધારે બેહેન. લાજ૦ ૮
માણી લોહ તણું સોનુ કરસે;
ગોાબતીને એમ સુધારો બેહેન. લાજ૦ ૯
જે સંપ સગાંથી તોડે છે;
તે કોઇ વખત હાથ ઘસે છે બેહેન. લાજ૦ ૧૦
જે સઉનુ સારૂ ઇચ્છે છે.
તેના દલમાં દેવ વસે છે બેહેન. લાજ૦ ૧૧

સજનીને શીખામણની ગરબી

"કંકુ ન કરીએ જીરે" એ રાગની

સાંભળ બેહેન શીખામણ સારી તે છે ખાતર તારી જીરે
સુખ સંપતિ સત કિર્તી સેવારદ માનીશ વાત અમારી;
સુણુંને સજની જીરે. ૧

સજ સઘળાથી પેહેલાં જાગો, પ્રીત સહીત પરભાતે જીરે;
આળસને તો મેલો અળગી, વળગી ન રહો વાતે સુ૦ ૨
પ્રાર્થના પરમેશ્વરની કરી, ઘર ધંધામાં ધરીએ જીરે।
જ્યાં સુણીએ ઉપદેશજ ઉલટે, ત્યાં નહી વાસો વરીએ

जे नारी वढकारी नठारी, भडसे लाज वीसारीजीरे;
तो तेमांथी तुरतज पाछां, हठीए हिंमत हारी. सु. ४
लटक चटकनी चंचल चले, चटकामां नही चलोजीरे;
सद आचरण वीना, सुनगुणनो, ठाठ न ठसीये ठालो सु. ५
पाणी पेहेली पाळ्ये बांधीये, भाणीए गाणीये भावेजीरे,
खुब करजनी खाण न खाणीये, जेथकी निंद्रा न आवे. सु.
आवकनो अडसठो जोइने, जावक करीये जाणीजीरे;
आवकथी अदकु खरच्ये. घर खोवानी नीशानी. सु. ७
दीलमां थइ मगरूर न डोले, बोल न बोले बळनांजीरे;
मानघटे अभीमान धरयाथी, घटे प्रतिष्ठा पळमां. सु. ८
नम्रपणामां अम्रत सरखो, स्वाद वसे छे सारोजीरे;
मगरूरीमां रस नथी मीठो, खाटो तीखो खारो. सु. ९
हरख हमेश हईयामां धरीये कदीये कलेश न करीयेजीरे;
माणसनु जीवतर छे मोंघु, जडे न नाणु भरीए. सु. १०
सुधरेली सुंदरीओ सावे, नाम गणांए जेनु जीरे;
दलपतराम कहे दुनीयामां, धन धन जीवतर तेनु. सु. ११

गेली मुसाफरीनी गरबी.

'अमीसांजना चोर छपाय रे, लइ बामणीया' ए रागनी

एक हती मुसाफर घेलीरे, सुणो साहेलियो;
तेनी आगळ एक तपेलीरे सु० १
गइ रातनी राखी ओढीरे; सु०
उठी परभाते मांजवा बेठीरे सु० २
घाणी रीने घशी घशी थाकीरे सु०
बहु डाघा रह्या तोय बाकीरे सु० ३
पुर रीसे तपेली उपाडीरे; सु०

સામી ભીતની સાથે પછાડીરે સુ૦ ૪
લઇ પથા તપેલીને કુટીરે સુ૦
પડ્યાં ફાંકાં તપેલીના ફુટીરે સુ૦ ૫
થયા બપોર ભુખતો લાગીરે સુ૦
પછી વાસણ માગવા લાગીરે, સુ૦ ૬
એને વાસણ ન આપે કોઇરે સુ૦
પછી ગગ તાણી ઘણી રોઇરે સુ૦ ૭
તો થઇ ન તપેલી તા માણીરે સુ૦
હસે લોકને તે મરે લાજીરે સુ૦ ૮
જેથી સ્વારથ આપણો જરીએરે. સુ૦
તેના ઉપર ક્રોધ ન કરીએરે સુ૦ ૯
લાત ફુજતી ગાયની ખમીએરે, સુ૦
તને તજીએ તો દુધ ક્યાં જમીએરે સુ૦ ૧૦
કોઇની સાથે દુકારે લઢીએરે સુ૦
એમાં આપણે હલકાં પડીએરે સુ૦ ૧૧
સાંખી ચાલે તે માણસ મોટુંરે સુ૦
દીલે સાચ માનો નથી ખોટુંર, સુ૦ ૧૨

ફુલણજીની ગરબી.

"વાલા તમારી જોઇને રહીશું વાટરે વાલાજી"

ફુલણજી તમે ફુલાણા કેમ ફુલ્યારે ફુલણજી;
આ ઉપજ ખરચનો અડસટો કેમ ભુલ્યા મારા ફુલ૦
કરજ કરીને વરા ભલા, તમે કીધારે ફુલ૦
આ ગરથ પગાયા ખરચીને, સજ લીધા મારા ફુલ૦
ઘર વેચીને ઘી સાકરનો લીધાંરે ફુલ૦
આ જમણ સરસ સામોવડીયાથી કીધાં મારા ફુલ૦ ૧

પીતાંબર પેહેરીને પંગતમાં ફરીયારે કુ૦
આ મનમાં કુશ કરી, મુછે કર ધરીયા મારા કુશ૦૪
વળતો દીવસ થયો કે માગે નાણાંરે કુશ૦
આ નાણાંના કાંઇ ન મળે ઠેકાણાં મારા કુશ૦ ૫
આ કુશગુણજી ઉપર અરજી થઇ ત્યાંથારે કુશ૦
આ જપ્ત થઇ કહાડી મીલકત ઘરમાંથી મારા૦ ૬
આ કુશગુણજી તમને જેમે કુશાવ્યારે કુશ૦
આ તેતો કોઇ મદદ કરવા નવ આવ્યા મારા કુશ૦
આ કુશગુણજીતો કુવો સોધવા ચાલ્યારે કુશ૦
આ ગરથ વિના અફીણ ન કોઇએ આલ્યાં મારા કુ૦
આ જમતી વખત વખાણ ભલા જે કમતારે કુશ૦
આ એ સઉ હાસ્ય કરે નિંદ્યા આચરતા મા કુશ૦
આ અવસર તો અનેક વખાણી ચઢાવ્યારે કુશ૦
પણ આ અવસરતો બેવકુફ બનાવ્યા મારા કુશ૦૧૦
પેહેર્યાં પટકુળને બાંધ્યા ચંદવારે કુશ૦
આ ઘર બાળીને ચાલ્યા તીરથ કરવા મારા કુશ૦
કુશગુણજીની રાંડ રૂવે મો વાળીરે કુશ૦
આ કુશગુણજી સીધાવ્યા ટેકો ટાળી મારા કુશ૦ ૧૨
બોળાને નરશી શિખામણ દેસેરે કુશ૦
તે નીસાસાનું પાપ ઘણું શીર લેશે મારા કુશ૦ ૧૩
દીલમાં દલપતની શીખામણ ધરજોરે કુ૦
તો કરજ કરીને નાત વરો નવ કરજો મારા કુશ૦ ૧૪.

શિયળ વિશે ગરબી ૭

શિયળ તણો મહીમા બહુ મોટો, ખોટો નથી ખરોછેજીરે.
વેદ પુરાણ કુરાણ કીતાબે, અધિક અધિક ઉચરચા છે સુ

ગુનો સજનો છેરે, ૧

શિયળ વિના સદગુણ સઘળાથી જગતકીશોભાલેછેરે;
પાઘડી પેહેરી પામરી ઓઢી, ન શોભે નાગો બાવો. સુ૦ ૨
હાંડી જમરૂખ તકતા માંડી, શોભાવ્યું ઘર સારૂંછેરે
દીવા વીના અંધારા ઘરમાં, સૌ દેખે અંધારૂં; સુ૦ ૩
સરવે અંગે સાજુ તાજુ, નાવ નવીન બનાવ્યુંછેરે;
પણ તેમાં એક છીદ્ર પડ્યું તો, તરીને બેડે આવ્યુંછેરે; સુ૦ ૪
પરમેશ્વરનું બાહાનુ પકડે, શીયળ ન પાળે સાચુંછેરે;
કરાય પીએને ક્રરા ન પાળે, તો જીવ્યાનુ કાચુ; સુ૦ ૫
પુન્ય દાન કે પ્રાર્થનાથી, જારી પાપ નહી જાશેછેરે. ૬
સાંચ શીપારશ જરા ન ચાલે, પરમેશ્વરની પાસે; સુ૦ ૬
જો બાળપણથી ડાહાપણમાં, બાંપણ ખોટુ મળશેછેરે;
બુઢાંપણ આપણને આવે, તો પણ તે નહી ટળશે, સુ૦ ૭
શીયળ થકી સપુરણ થાશે, પરમેશ્વરની પ્રીતીછેરે,
દલપતરામ કહે દુનીયામાં, સુખદાયક શુભ નીતી. સુ૦ ૮

સ્ત્રીને ભણવા વીશે ગરબી.

તમે ભણો ભલી ભાત બાઇ હિંદુવાણી.
રહો સુખી દીન રાત બાઇ હીંદુવાણી.
જેથી દુષ્ટ બુદ્ધિ જાય બાઇ હિંદુવાણી;
સ્થીર સારી બુદ્ધિ થાય બાઇ હિંદુવાણી;
રાખો સંપ સગા માંહ બાઇ હિંદુવાણી;
નહી કલેશ કરો કાંઇ બાઇ હિંદુવાણી;
સુખ સતમાં સદાએ બાઇ હિંદુવાણી.
ગુણવંત એમ ગાય બાઇ, હિંદુવાણી;
શીખો સારા કામ કાજ બાઇ હીંદુવાણી;
વધે લોક માંહે લાજ; બાઇ હીંદુવાણી;

તજી પીયરમાં પ્રીતી બાઇ, હીંદુઆણી;
રહો સાસરે સુરીતી બાઇ હીંદુઆણી.
કોઇ કરે સારો બોધ બાઇ હીંદુઆણી;
ખુણી કીજીએ ન ક્રોધ; બાઇ હીંદુઆણી
જાજે અક્કલ અભેર બાઇ હીંદુઆણી;
દલપત કેરો દર બાઇ હીંદુઆણી

સાત વારના વખાણ

ભજીએ ભાવે ભગવાનને,
તજીએ તુચ્છ સગાથ.
સજીએ સામગ્રી સ્વર્ગની
હજીએ આપણું કે હાથ. ભજીએ ભાવે ભગવાનને ૧
આદીત ઉગ્યો આકાશમાં,
કોઇ જન કેહશે આરૂ તારૂં;
જુદા જરૂર ન જાણીએ,
મતલબ સુરજ સારૂં. ભજીએ ભાવે ભગવાનને. ૨
સોમ સરીખા શીતળ બને,
ધામ ધખંતા જેહ હોય;
સમજણ પામે જો શાસ્ત્રની,
ક્લેશ ન પામે દીન કોય; ભજીએ ભાવે ભગવાનને. ૩
મગળ ચાહે સઉ મનુષ્યનું
આપણું મંગળ થાય,
નરેશ નરનું ફળ પામીએ,
એવું સમજીએ સદાય; ભજીએ ભાવે ભગવાનને. ૪
બુધ જન બુદ્ધી અતી સુમતી,
કરી શુભ રીતી વીચાર

પ્રીતી રાખી પરીબ્રહ્મમાં;
જે છે જગનો કરતાર. ભજીએ ભાવે ભગવાનને. ૫
ગુરૂજન પીને સુખ આપતાં,
જરીએ કરીએ નહી શોક,
ધરીએ વિદ્યા નીત નીત નવી.
ફરીએ હરીએ નહી ફોક; ભજીએ ભાવે ભગવાનને. ૬
શું કરવા લડીએ લોકથી,
ચડીએ પાધરી વાટ
ઘડીએ દીવસે નવ બેસીએ,
ઘડીએ વીદ્યાના ઘાટ, ભજીએ ભાવે ભગવાનને ૭
શનીશ્વર થઇએ હરીસ્મરણમાં,
તેવી રાખીએ ટેવ;
કઠણ સમે આવે કામમાં:
દલપતરામનો દેવ. ભજીએ ભાવે ભગવાનને ૮

ભુંડા ભારજા વિશે ગરબી.

ભાઇયો જેની ભારજા ભુંડી રે તેને પીડા અંતર ઉંડી;
લાજ તજીને લડાઇ કરે નીત, ભાળવા લોક ભરાય;
સારામનુષનાઘરનું વગોણું, જોણું જગતને થાય; ભાઇ ૧
જેમ બીલાડી ઉંદરને જુવે; એમ નાથ સામા ક્રોધીનેણ.
પગ થકી પગડે માથા લગી, એવાં વાંકા કાઢે વેણ; ભાઇ ૨
ચાર ઘડી પેઉ ચઉટે ટળે, ત્યારે સુખ બને ને થાય;
ઘડીએ આવીને ઘેર બેસે ત્યારે, શેર લોહી સુકાય, ભાઇ ૩
પોટે ર ચઢે દીન પોરોડીને ઉઠે, ચોપે લડાઇનો ચાસ;
જો લડનાર કોઇ ન જડે તો, પડનાળે પોતાના બાળ ભાઇ ૪
સ્નેહ કરી કદી સ્વામી સઘાતે; બેશી ન બોલે વાત.

ધુમાડાની પેઠ ધુંધવાતી, રહેરોસળગી દીન રાત ભાઇ
પેક થકી તો ઘણીજ પોતામાં, સમજણુ જાણે સદાય;
દૈવે થાકે તો મનુષના મુખની શિખામણુ શું થાય; ભાઇ ૬
પંડીત શાસ્ત્ર ભણેલ પુરાણી, મોટી સભામાં મનાય;
માન તજી મુરખીના મોહેડાના, તેજ હુંકારા ખાય; ભાઇ ૬
જેને વીતી હોય તે નર જાણે, આણે બીજા અહંકાર.
ડાહાપણને ધનવંત કહે. કોઇ ગરવ ન કરશો લગાર; ભાઇ ૮

દુષ્ટ નર વિશે ગરબી.

કહું નર દુષ્ટની કાણીરે, સુણો સઉ સ્નેહુજ આણી;
સોડું વેરેલુ કામ સુધરે કે, બગડે એ માણસ માત્રની રીત.
એતે કરયું તે પાધરૂ જાણે, નારીને મારે નીત કહુ ૧
સાસુ નણંદ દેરાણી જેડાણીના, સાચા જુઠા સુણી બોલ,
વાંક વિના વનીતાને તજે તો, તે નરખરને તોલ; કહુ ૨
કાગડે ઘેરૂં ગુડ ફરે જેમ, ગોરી સદા ગભરાય;
ઘરનાં કરેસો દેશ ઘણેરો, તેથી જુદા નહી થાય, કહુ ૩
સાસરીઆની સાથે લઢી કાઢે, રાંડ ઉપર તે રીસ;
સારા માણસની શીક્ષા ન માને જેને રૂઠયા જગદીશ, કહુ ૪
માનનીનુ અપમાન કરે નીત, ગાએ નઠારી ગાળ;
તુછ ગણે તીરસ્કાર કરે તો, તે નરનું મોં કાળ. ક.
સમજુને ટટો તુરત ટળે, કોઇ ઘરડું આવી કહે ઘેર;
ઊંડુ કહે કે આકુ જુવે, તેને પાર નઆવે શીપેર કહુ.
પોતે તો ખાય પીએ ઘણું સારૂ, ને વસ્ત્ર ધરે શુભ રીત
નારીને આપે નિત્ય નઠારૂં, કહો કેમ પ્રગટે પ્રીત. ક.
સ્વાગી સાંભળને વાંક વીના; આવી કામનીને લડે કોય;
સારી રીતે સમાધાન કરે નહી, હિજડા જેવો હોય ક-

ધીયરીયાં પટકુળ ન પુર્‍યાં, તો સ્વામી કરે સંતાપ;
કહે ધનવંત એ કંથ સ્વરૂપે; પેલા જન્મનું પાપ. ૬,

દેશીઓને ઉદ્યમ કરવાના ગરબી.

કોઇ કાજ કરો રાજ નવલ આવ્યું છે હુનર નરેશનું;
મરજી ગઇ પરદેશી હાથે.
એ મોટી ભુલ તમો માંથે,
તમે સંપ ન રાખ્યો કોઇ સાથે
દેશી મીત્રો દુ:ખ સરવ ટાળોરે આપણા દેશનું ૧
આ વખત જુઓ તમે વિચારી
નીરધન થઇ બેઠાં નરનારી;
કાંઇ ધુળ મળ્યા ધધારી,
દેશી મીત્રો દુ:ખ સરવ ટાળોરે આપણા દેશનું ૨
તમે દીવસે સુવું દુર ધરો,
હોલ ખોલી ખુબ વિચાર કરો;
હવે જાગ્રત થઇ કાંઇ જુગતી કરો,
દેશી મીત્રો દુ:ખ સરવ ટાળોરે આપણા દેશનું ૩
તમે સગાં કુટંબમાં સંપ કરો,
વળી દેવાદાર થતેજ ડરો;
તમે નિત્ય ઘટાડો નાત વરો.
દેશી મીત્રો દુ:ખ સરવ ટાળોરે આપણા દેશનું. ૪
ધન મળતે તુરતજ ગરવ છાંડો,
તમે મોટાં કારજ નવ માંડો;
તમે પરણ્યા પેહેલાં શીદ રાંડો,
દેશી મીત્રો દુ:ખ સરવ ટાળોરે આપણા દેશનું. ૫
વિદ્યાનો સ્વાદ સદા ચાખો,

મન ઉદ્યમમા અહોનીશ રાખો,
શાદ ભાગ્ય લખ્યું થાસે ભાખો,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું. ૬
પડતર જમીન તે ખેડાવો,
ઉગશે એ ત્રણ વખત વાવો.
નીર ઉદ્યમી ઉદ્યમમાં લાવો;
દેશી મીત્રો દુઃખ ટાળોરે આપણા દેશનું; ૭
અદાલત અરજી અગસાવો.
લુચ્ચાઓને સાંચ ન સુંપાવો;
નાતીલા પાસ કહો દાવો,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું ૮
પરદેશી હુનર પ્રગટ હરો.
સંચાને જંત્રો શીદ કરો;
દલપતની વિનતી દલ ધરો,
દેશી મીત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું. ૯

મુવા પછવાડે ન રોવા વિશે. ગરબી.

રાગ ધોળ.

વાલાની વાંસે રાગ તાણી નવ રોવું
જેથી તને જરા ન ઉપજે, હઈયામાં સમજી જોવું રે;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું
ગોવીંદજીએ કહ્યું ગરૂડને, કુટે રડે જે કોઈ;
મરનારને મોટું દુખ, ઉપજે, ધરે નીસાસા રોઈ;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૧
સીંટ ... જીને આંસુ ઝરે, તે જમચર પાએ પરાણે;
રોરવ માંહી રોરવનાં દુખથી, એ દુખ અદકુ જાણે;

વાલાની વાંસે રાગ તાણી નવ રોવું ૨
કોઇ છાતી કુટે શીર કુટે ચુટે કેશજ હાથે.
એ સઘળી પરી પુરાણ પાડા મરનારને માથે;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૩
લોક વખાણે કે ન વખાણે, તે સઉ સાંખી રહીએ,
જો હઇયામાં હેત વધે તો દુખ તેને શીદ દઇએ;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૪
શતરૂતા સંપુરાણ હોય તો, રડો કુટો ન વિચારો;
જીવતાં વેર વળી ન શકે તો મરતાને વળી ગારો;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૫
કુટયા થકી જો કાંઇ દુખતો. કુટો લેઇને પાણો;
શા માટે તમે કુટી શરીરમાં રોગ ઉપાડી આણો;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૬
એવી શોભા મેલો અળગી, વળગી રહો માં વેહેમે;
તોહી સુખ ઉપજે એ જીવને, પુન્ય કરો કાંઇ પ્રેમેરે;
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૭
રોશો પણ તેને નવી જોશો, ખોશો આંખ તમારી;
દલપતરામ કહે દીલ સોધી, માનો સિક્ષા મારી,
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું. ૮

શિયળનું ઘોળ

[શિયળ એટલે વ્યભિચાર અથવા છીનાળું નકરવા વિશે]
બહુચર ભલે આવીયાં એ રાગનું.

સુણો સમજુ સકળ નર નારીયો,
એ તો શીયળ તણો મહિમાય. શીયળ પાળો સ્નેહથી;
જે કોઇ શી[illegible] [illegible]

સરવે સફળ મનોરથ થાય શીયળ પા. ૧
સોના રૂપાની શોભા ન સમજીએ,
શોભા સરસ શીયળ શણગાર. શીયળ પા. ૨
જોવાં નકટાંને ભુશાણુ નાંખીયાં,
એવા શીયળ વીના નરનાર, શીયળ પા. ૩
વધે લાજ અધીક ઠીક લોકમાં;
પર લોકમાં મુક્તી પમાય. શીયળ પા. ૪
સુખ સંપતી શીયળથી સેવીયે,
રીઝે જગ કરતા જગરાય. શીયળ પા. ૫
માટે શીયળ સરવ રીતે સાચવો,
તજો કામી હરામીનો સંગ. શીયળ પા. ૬
જરીએ ડરીએ નહી મરણના ડર થકી
જારે ડરીએ શીયળ થતે ભંગ. શીયળ પા ૭
તજી લાજ બે અદબી ન બોલીએ;
નહી ડોલીએ મદ છક માંય શીયળ પા. ૮
નીચી નજરે સરળ રીતે ચાલીએ;
હાંસી મશકરી કરીએ ન કાંઇ. શીયળ પા. ૯
કાઢી આંખે ફરે જે કોઇ ફાતડા,
તેનું કાઢીએ માટીમાં મુખ. શીયળ પા. ૧૦
નારીની સોબત નીત્ય તેહની.
જેને લાજની જનેતાની કુખ. શીયળ પા. ૧૧
ભાણ્યું ગણ્યું તો તેનું ધન્યછે,
જેને કુળને લગાડયો ન ડાઘ. શીયળ પા. ૧૨
ભણી ગણીને શીયળ ન સાચવે.
એના ભાણતરમાં ઉડી આગ, શીયળ પા. ૧૩

હૈઈયા ફુટા બોલે બોલ હાંસીએ,
દેખી ફાંસીને નાસીએ દુર. શીયળ પા. ૧૪
શિક્ષા સુંદર દલપતરામની;
જાણી કામની શીખો જરૂર, શીયળ પા. ૧૫

લગનમાં ફટાણાં ન ગાવા વીશે ગરબી.

ઘોળકામાં ધરમશી ફુલતો મેલા ડમર ગાજે. એ રાગનુ
આવો સઈયર બાઈ બેનડી ગાઈએ ગીત રૂપાળાં;
મંડપમાં મેલા દીવડો ભલાં થાય અજવાળાં. ૧
આજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી,
સોનાનો સુરજ ઉગીયો, આજ દીવશ દીવાળી. ૨
ગાઈએ ગીત ભલાં ભલાં વેવાણોને હુલાવીયે;
બોલ બે અદબો ન બોલીએ, જેથી જાત લજવીએ. ૩
ઢોળી નાગીના કુળની, એતો ગાય નઠારૂં;
આપણ ઉત્તમ કુળનાં, નહી ગાઈએ નઠારૂં. ૪
જાત્યને ભાત્યનો જાણીએ, બોલ બોલે જે ઘડીએ;
બોલે નઠારૂં તો નાયકા એમાં આપણાં ન પડીએ. ૫
ઉત્તમ જાતની ઓરતો ખોટું ગાતાં લજવાશે;
મધ્યમ જાતની માનની, ગીતે મશ્કરી ગાશે. ૬
મશ્કરી પણ મરજાદની, આપણી એમ ન બોલો;
જરૂર ફટાણી હોય જો, કડું એટલું બોલો. ૭
વેવાણને કરો વાદરી ગાંઠ પુંછડે વાળો;
વેરાગી કહીએ વેવાઈને કાંધે કાંબળો કાળો. ૮
એથી અધીક વિધે ઓચરે નીચી જાતનાં ભળવા;
બાપ ભાઈ બડા સાંભળે જેના વેશ્યાના ભડવા. ૯
ધીક પડયો અવતાર એ શબ્દ શું કહીએ જાદા;
કામની નહી એતો કુતરી, મરદ નહી એતો માદા,

મોરી શીખામણ ગાઇઓ જેથી રામજી રીઝે;
દસકત દલપત રામના, દીલમાં લખી લીજે. ૧૧

સંપ વિષે ગરબી.

દેશમાં સંપ કરોરે સંપ કરો, હાંરે જે કાંઇ સંપતજીને
સુખ માગે, તેના સુતેલા શતરૂ જાગેગ;
દેશમાં સંપ કરોરે સંપ કરો. ૧
હાંરે તજી સંપ લડા લડી આવે તેમાં તુરત ત્રીજાને
ફાવેરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૨
હાંરે જે કોઇ વીઘા જમીન સારૂ લડતી રાજ ખોઇને
રહ્યા હવે રડતારે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૩
હાંરે હજુએ હઇયે વિચારી નહીં જોશો, ખરખાત છે
હાથમાં તે ખોશોરે દેશમાં સંપ કરોરે સંપ કરો. ૪
હાંરે તમે ટંટા ઘરના ટાળો, જે જે ખાગે લાગે તે
ધર્મ પાળોરે, દેશમાં સંપ કરોરે સંપ કરો, ૫
હાંરે છળ દગા કપટ દો છોડી, આખા દેશની થઇ
આબરૂ થોડીરે દેશમા સંપ કરોરે સંપ કરો. ૬
હાંરે કરી સંપ કાંઇ હુનર કેળવો, દેશની વખત ફેર
વાવોરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૭
હાંરે કેઇનું સારૂ દેખીને શીદ દાઝો. તેને બુડાડી મા
રવા ન ખાઝોરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૮
હાંરે માનો દલપતરામની વાણી, પક્ષપાત વિના સત્ય
પ્રમાણીરે, દેશમાં સંપ કરોરે સંપ કરો. ૯

કેફ ન કરવા વિષે ગરબી.

તજો તમે કેફ કરમ કરવું,
જેથી થાય મોત વિના મરવું તજો તમે કેફ૦ ૧

નથી એમાં સ્વાદ કશો સારો,
વિવેકની નજરથી વિચારો.
દુખી થાસે કેફનો કરનારો. તજો તમે કેફ૦ ૨
પીશો જે જન મદીરા તાડી,
તેનાં ફળ દેશું દેખાડી,
ઉંચે પદથી દેશે પાડી. તજો તમે કેફ૦ ૩
અફીણથી કઈક ગયા ઉડી,
ગુમાવી ગાંઠ થકી મુડી;
મુઆ દુખ દરીયામાં બુડી. તજો તમે કેફ૦ ૪
મુરખને મુરખ મળે સંગી;
લીલાધર ભાંગ પીએ ભંગી;
અક્કલ હીણા તે અડબંગી. તજો તમે કેફ૦ ૫
મફર કે માઝમ જે ખાશે,
જરૂર અકલ તેની જાશે;
સારા સારા લોકમાં નિંદાસે, તજો તમે કેફ૦ ૬
પીએ રૂાઈ ગાંજો ગુણી જાણી,
ધુમાડો એચે બળ આણી;
એની તો અક્કલ વેચાણી. તજો તમે કેફ૦ ૭
તે સરવે રોગ કરે તનમાં,
અમે સાંભળ્યું વઈદા જનમાં;
એટો તમે માની લેજો મનમાં. તજો તમે કેફ૦ ૮
ન ખાશો પાક કદી મીતે,
જેથી ચતુરાઈ ઘટે ચીતે;
રેહેજો રૂડા માણસની રીતે. તજો તમે કેફ૦ ૯
પ્રભુ થકી દીલમાં જો ડરીએ;

કદી એવું કરમ નહીં કરીએ;
શીખામણ સારી રૂદે ધરીએ. તજોતમે કેફ૦ ૧૦
બનાવી ગરબી બહુ સારી,
સુણી જે દેસે વિસારી.
તેના મુખ ઉપર પૈજારી. તજો તમે કેફ૦ ૧૧
વારે વારે શું કહીએ વારૂ,
સ્નેહ કરી કહું છુ તમ સારૂ;
માનો દલપતરામ કે' કહ્યું મારૂં. તજો તમે કેફ૦ ૧૨

ગરબો ૧૭

કેફીની ઓને પસ્તાવો તે વિશે

મા મુજને કેમ દીધીરે કેફી કથને,
કહાડી શોધ્યા કીયા જન્મના વેરજો.
જન્મ સમે નવ આણ્યો મારા અંતને.
ગળથુથીમાં ઘોળ ન પાયુ ઝેર જો. મા મુજને ૧
હોરી નાંખીરે બળતી આગમાં,
ઉગરવાનો નથી હવે ઉપાય જો.
ભોગવવુ દુઃખ લખ્યુંરે મારા ભાગ્યમાં,
રજની દહાડા રડતે વીતી જાય જો મા મુજને ૨
આવરદા મારી અતી લાંબી થઇ,
તરાગ નહીં જે તડકે તોડ્યો જાય જો;
કરમ તણી કાણી ક્યાં જાય કહી;
છાંય કુવાની કુવા વિશે સમાય જો, મા મુજને ૩
શું કરવું જીરે આ સંસારમાં,
હાપે મરૂ તો આત્મ હત્યા થાય જો;
સાત જનમ પામુંરે શોક અપારમાં;

પાર ન આવે કરતા ક્રોડ ઉપાયજો. મા મુજને ૪
રમવું ને જમવું તે મુજને નવી ગમે;
માથે ઉગ્યા દુ:ખનાં મોટાં ઝાડ જો;
એ દુ:ખથી છોડાવે મુજને આ સમે;
પુરાણ માનુ પરમેશ્વરનો પાડ જો; મા મુજને. ૫
ફરી જન્મ ધરશું ત્યાં સુખ પામશું.
આ અવસરતો એળે ગયો અવતાર જો;
હૈયું કઠણ રાખીને હીમત રાખશું,
ભાગે લખીયો દેવે આ ભરથાર જો. મા મુજને ૬
પાપ નથી કીધાં મે આંકડાં આ પળે,
પ્રગટી આવ્યાં પેલા ભવના પાપ જો,
લેખ લખ્યા દૈવે તે ટાળ્યા નવ ટળે,
કરમ કરે તે ન કરે માને બાપ જો, મા મુજને૭
દીલમાં એમ સમજીને દુ:ખ ન માનવું,
રાખુ હઇયામાં કેના ઉપર રોશ જો;
ભવ પેલે કીધા તે ભોગવી છુટવું,
દલપતના સ્વામીને ન દેવો દોશજો.

કેફીના ઘરનો હેવાલ. ગરબી ૧૮

કેફી સઇયર જેનો કંથડોરે, તેના પુરાણ પાપ,
મનમાં ઉદાશી મટે નહી,
હારે તપે તનડામાં તાપ; કેફી૦ ૧
એવો દીસે અળખામણોરે જાણે જરનો ટળેલ;
આડા બોલે અફીણીઓ,
હારે એના ગાત્ર ગળેલ; કેફી૦ ૨
એક ટકા નહી આબરૂરે; પીટયો ચોટાનો ચોર;

હાહાડી હાસએ દરબારમાં,
હાંરે પુઠે લોકોના સોર; કેફી૦ ૩
અપોચીઓને ઘણો આળસુરે,
કાંતો ઊંઘે કાં ગાય, રળવાની શક્તિ રહે નહીં;
હાંરે રળ્યું રડાનું ખાય. કેફી૦ ૪
બારેથી આવે બે બડકારે,
હીણા દેખાય હાડ; ખુણું ઢાળીને પડે ખાટલા,
હાંરે બાઇડી છોકરાનો કાળ; કેફી ૫
બાળકને ખાવા નહીં બાજરીરે,
ઘરો પગારે ફાંદ, છતે ધણીએ બાજે છાતડી.
હાંરે વેઠે રંડાપો રાંડ; કેફી૦ ૬
લાજ હીણો લેખે નહીં રે, જાણે તરણાથી તોલ;
તેવા અફીણના તોરમાં,
હાંરે બોલે જુઠડા બોલ. કેફી૦ ૭
કોઇ કોઇ વખત થાય કેફ ચડીરે,
હૈયા ફુટા હેરાન તોએ શીખ દલપતરામની;
હાંરે કરી ધરે ન કાન, કેફી૦ ૮

સજ્જનોએ કેફ કરવાનો વિચાર ન રાખવો; ગરબી ૧૯

સજન લોક વિચરી, સારો શિખામણ મન ધરીએજી
જેમ તેમ સુખ મેળવીએ, જેથી દીલગીર નહીં કરીએ,
કેફ ન કરીએજી૦ ૧
તાળી પાળી હાથ દેખાડી, કહ્યું હાહાડી હાહાડીજી
ગારૂ વેણ તમે માનો જો, તજજો દારૂ તાડી. કેફ૦ ૨
કેફ કરવાથી ઘટશે ભાઇ, ચીતમાંથી ચતુરાઇજી;
ધન ખરચી લેવી લુચાઇ, મોટી એ મુરખાઇ, કેફ૦ ૩

લાજ ધરીને કાજ ન સુધરે, એમ ન વીચારે અધીરાજી
સાર નથી એમાં કાંઇ અંતે, ઘર ખોવાનો ધંધો; કેફ ૪
વેદ પુરાણ કુરાન કીતાબો, ન્ત્રે જો હેત તપાસીજી;
એ લક્ષણ તજવાથી મળશે, સઘળેથી શાબાસી; કેફ ૫
કાજી મુલ્લાનો મત્ત એછે. મત્ત છે અધ્યારૂનોજી;
હિંદુમાં ગાફલ્યાથી, પણ દોશ ઘણો દારૂનો, કેફ૦ ૬
દારૂ સારૂ મારૂ તારૂ, ચોરચાનું ચિત્ત થાશેજી;
કોઇક સમે સાંકડામાં આવી, જીવ તેમાંથી જાશે; કેફ ૭
વસ્ત્ર તજીને લાજ વિનાના, ખરની રીતે રખડશોજી;
કહે દલપત કરમાં દીવો લઇ, કોઇ કુવામાં ન પડશો;
કેફ ન કરશોજી;

કેફના અવગુણ વિસે, ગરબી ૨૦

કેફી લોકો કેફ તણા અવગુણરે કહું કેટલા.
નીરલજ નરછે કેફ તણાં, કરનારરે જગમાં જેટલા.
આ જગમાં જે નર કેફ કરે,
તેના તનમાં રોગ અનેક ઠરે
તેની નીંદ્ય જગમાં લાજ નરે
કેફી લોકો કેફ તણા અવગુણરે કહું હું; કેટલા ૧
તેના બાળક બાજરીને રડશે
તેને લેહેણાવાળા નીત લઢશે,
પછી ગભરાઇ બળીને લડશે,
કેફી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા ૨
નાત્ય નવસી ફરીયાદો થાશે,
કપડાં ઘરરાંજે વેચાશે;
કેફી સરકારે દોરાશે.

ફેરી લોકો કેફ તણા અગુણગુરે કહું કેટલા. ૩
બે ભાન થઇ ભુલો ભમશે,
નારશી જગ્યામાં જઇ રમશે.
અભીમાન તજી આળો પમશે.
ફેરી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા. ૪
તેને ઘર ધંધા નકી હાથ ચડે,
તેની બુદ્ધિ જાશે કેફ વડે;
તેને રસ્તો સીધો નહીં જડે;
ફેરી લોકો કેફ તણા અવગુણરે કહું હું કેટલા ૫
એવો અક્કલ હીણો કોણ હશે,
ધન ખરચીને દુખીઆરો થશે,
કોણ મરવા સામે પુર જશે,
ફેરી લોકો કેફ તણા અવગુણરે કહું હું કટલા ૬
નથીરે એમાં સ્વાદ કશો,
કેફથી ઉલટા હેરાન થશો,
વળી મરીને જમને હાથ જશો,
ફેરી લોકો કેફ તણા અવગુણરે કહું કેટલા ૭
તમે વીગતેથી વીચાર કરો,
વળી પરમેશ્વરથી કાંઇક ડરો;
દલપતની વીનતા દીલ ધરો,
ફરી લોકો કેફ તણા અવગુણરે હું હું કેટલા ૮
કળી કાળમાં ફેરીને ચોવાણીની ગરબી ૨૧
એક કારણ કહું છું કળીકાળનુંરે લોક.
મોટા અંતરમાં વીકરાળનુંરે લોક. ૧
જે કો ઢંકાના વાશી મધુ પીવતારે લોક.

આજ થયા છે આવી જીવતારે લોલ. ૨
ઉપર વેશ તે ઉંચા વરણુનારે લોલ;
આહાર કરે તે કુંભ કરણનારે લોલ. ૩
સારાં વસ્ત્ર ભાગીને ભુંડાં પહેરે લોલ;
રસ્તો છોડીને રનમાં ચડેરે લોલ. ૪
ઊંચો વરણ કરમ નીચું કરેરે લોલ.
નામ શીવ સકતી તણું ધરેરે લોલ. ૫
જેનો સ્પર્શ થએથી નાહાવું પડેરે લોલ.
કપેશ મધુ તે દઈને ચહડેરે લોલ. ૬
જેમાં માંસથી દોષ મોટો રહેરે લોલ,
તેવું પીવામાં પુન્ય છે કહેરે લોલ. ૭
એનો વેદના વઈરી તાવણ વંશનારે લોલ,
કાંતો કુટંબી કેહેશો કંશનારે લોલ.
બહુ જુગતી લાવે છે જુઠ બોલવેરે લોલ;
ભોળા લોકોને ઘણા ભોળવેરે લોલ. ૯
કહેશે એક પુરાણે વાત છે કહીરે લોલ;
મધ પીવામાં પાપ છે નહીરે લોલ. ૧૦
જુઠા શ્લોક બનાવે મધુપાનનારે લોલ;
સમજાવે જીવ અજ્ઞાનનારે લોલ. ૧૧
જે કોઈ દુષ્ટ કરમ એવું આચરેરે લોલ,
માત્રીક નામ તેનું ધરેરે લોલ. ૧૨
નીચ વસ્તુમાં નીચપણું જે હતુરે લોલ,
તીરથ કરાવે નામ તેહનુરે લોલ. ૧૩
ગ્રંથ વાંચે સભામાં શુદ્ધ ધરમનારે લોલ,
દીલમાં ભરેલું દુષ્ટ કરમનારે લોલ. ૧૪

તેમાં નામ ધરાવો દેવી બાળનુંરે લોલ,
કરમ કરે તે ચંડાળનુંરે લોલ. ૧૫
ભોળા લોકો ભોળાશો નહી ભરમમાંરે લોલ;
નથી એ વાત કોઇ ધરમમાંરે લોલ. ૧૬
એવા દેવોની વાત માનસો નહીંરે લોલ,
વાતો એ વેદમાં નથી કહીરે લોલ. ૧૭
એવું કરવું તે સારૂ કોણ જાણશેરે લોલ,
વાદ સભામાં કોણ તાણસેરે લોલ. ૧૮
ગાય હત્યા ગઉ માંસ પાપ છોટું છેરે લોલ,
તેથી મદીરા પાપ મોટું છેરે લોલ. ૧૯
એવી રીત લખીયું છે શાસ્ત્ર સરવમાંરે લોલ;
આગના નથી તે પાપ ગરવમાંરે લોલ.
કહ્યું માનીને દલપતરામનુંરે લોલ,
કરવું ન કામ હરામનુંરે લોલ. ૨૦

કેફીની બઇરીના મહીના ગરબી.

કારતક મહિને કેફી જેનો કંથરે સાહેલી.

આ એ અભાગીના રૂખનો નાવે અંત સાંભળ સાહેલી;
દીવશ ઘટેને રજનીની મોટી થાશેરે સાહેલી;
આ કેફીની અભાગીના કેમ દીન જાસે સાંભળ સાહેલી,
હીમાળાનો શીતળ વાયુ વાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.

૨ આ માગશર મહીને સુખ પામુ શી પેરરે સાહેલી;
આ કેફીડે તો માંડયો અકરા કેર સાંભળ સાહેલી;
આ ઉ[illegible] [illegible]ની વાત કશી નવ જાણેરે સાહેલી;
આ [illegible] [illegible]પતાણી કમાણી સાંભળ સાહેલી

પડયો રહે કાંઇ કેફી રસ્તા માંયરે સાહેલી.
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૩ પોસે તો ઘર વેચી બેઠો પાપીરે સાહેલી;
આ પીયર જવાની રજા વહુને આપી સાંભળ સાહેલી
જેણે મુજને પરણાવ્યું એવું પાપરે સાહેલી,
આ પેલા ભવનાં દુશ્મન માને બાપ સાંભળ સાહેલી;
એ રતમાં સાસરે જવું સૌ ચાહેરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૪ માહા મહીનામાં બોલે લોક વસંતરે સાહેલી;
આતે દુખાણી કેફીઠો જેનો કંથ સાંભળ સાહેલી;
વન પલેવ્યાં આંબે આવ્યો મોહોરરે સાહેલી,
આ દુખાણીને સુખ નથી જાણું કે પોહોર સાંભળ સાહેલી
ભમર ગાન સુણી પીઉ મળવા મન થાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૫ ફાગણમાં નર નારી ખેલે ભાગરે સાહેલી.
આ કેફીની અબળાને અંતર આગ સાંભળ સાહેલી;
રમે જમેને હસે મળી નરનારરે સાહેલી.
આ કેફીની પરણેલી ખાય માર સાંભળ સાહેલી.
જોવુંને રોવું ઘર ખુણા માંયરે સાહેલી.
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૬ ચઇતરમાં કેમ ધીરજ રાખું ચીતરે સાહેલી;
આ કેફ કરે કેફીડો નીતનેં નીત સાંભળ સાહેલી;
એ પરમેસ્વર કેમ આવો વર આપ્યોરે સાહેલી,
આ એ વરથી ભલો રંડાપો સાંભળ સાહેલી,
લોકે ગુણાળાની ફજીત હો થાયરે સાહેલી.

આ એ મહિનો એવી રીતે કેમજાય સાંભળ સાહેલી.
૭ વિસખંતે આવ્યો મહિનો વઇશાખરે સાહેલી;
આધિમધ બે દોલ થાય બળીને રાખ સાંભળ સાહેલી;
સુરજ તપે તો છતર આડું રાખુરે સાહેલી.
આ દીલ દાઝે તે કોની આગળ દાખુરે; સાંભળ સાહેલી
રજની ઘટીને દાહાડો મોટા થાયરે સાહેલી;
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૮ જેઠ તો જીવલડો જળવા લાગ્યોરે સાહેલી,
આ કેફીની અખળાનો આનંદ ભાંગ્યો સાંભળ સાહેલી
પગ દાઝે તો મોજડીયો લઇ ધારૂંરે સાહેલી,
આ કાળજડું દાઝે તે કેમ કરી ઠારૂં સાંભળ સાહેલી;
કેફીડાને કોઇ કહે ન સમજાય સાંભળ સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી,
૯ અશાડ ચહડી આવ્યો છે ઘનઘોરરે સાહેલી;
આ મોટો હરખ ધરીને બોલે મોર સાંભળ સાહેલી,
કેફિ કંથ બંધિખાનામાં માહાલેરે સાહેલી;
આ પરણેલીના દિલમાં એ રત સાલે સાંભળ સાહેલી,
મેલીઘરા વિધવિધના અન વવાયરે સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી;
૧૦ શ્રાવણમાં મેં શિવ પુજા નહિ કિધિરે સાહેલી
આ દેવે મુજને કેફિને કર દિધી સાંભળ સાહેલી;
ચિત્ત ટળે તો વ્યસની જુઠો ચોરરે સાહેલી;
આ એ સગપણ કરનારો મરજો ગોર સાંભળ સાહેલી
ભાગ્ય વંતી જે પેઉ સાથે સોહાયરે સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી

૧૧ ભાદરવે ભર જોબન એળે જાયરે સાહેલી,
આ કેફીની બાઈરીને કેમ સુખ થાય સાંભળ સાહેલી
નદીએ આવ્યાં પુરણ જળનાં પુરરે સાહેલી;
આ પેઉ સાંભળતે આગ જળે છે ઉર સાંભળ સાહેલી
માળે બેશી પખીડાં મલકાયરે સાહેલી;
આ એ મહિનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી
૧૨ દિવાળીના દાહાડા આસો માસેરે સાહેલી;
આ કેફીની બઈરી તો નિત ઉદાશ સાંભળ સાહેલી;
રમે જમેને ધરે નવા શણગારરે સાહેલી,
આ કેફીની નારીને નયણે જળ ધાર સાંભળ સાહેલી
ગુણવંતી મળી મળીને ગરબા ગાયરે સાહેલી,
આ એ મહીનો એવી રીતે કેમ જાય સાંભળ સાહેલી.
માસ અધિકમાં અધીક પણે શું કહીએરે સાહેલી,
આ પેઉ બંધીખાને એકલા કેમ રહીએ સાંભળ સાહેલી
આ એ વરથી મુજને છોડાવા ધાયરે સાહેલી;
તો દલપતના સ્વામીને લાગુ પાય સાંભળ સાહેલી,

કેફના અવગુણ વિશે ગરબી.

શીખ કહુછું તે સઉ સાંભળોરે, કેફ વિચારો અફીણ
હો લાલ લાલ કસુંબા નવ લીજીએ.
અવગુણ ઝાઝા અફીણમાંરે, એથી હોય છે અકલહીણ
હો લાલ લાલ કસુંબા નવ લીજીએરે. ૧
મોટે મેહેલ ચઢીને બેસતારે; અફીણથી એજ થયા
હરરાજ હો લાલ. લાલ કસુંબા નવ લીજીએરે,
જે નર ભોજન જમતા ભાવતાંરે;
જરકવા દોડા કા અનને હો લાલ;

લાલ કસુંબા નવ લીજીએરે, ૨
વાહન રથ ઘોડાને પાલખીરે,
આપ્યા પગ પાળા તજી તેહ હોલાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૩
સતા માતા શરીરે શોભતારે,
દીઠા તેના દુરબળ દેહ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૪
જે નર ચતુર શીરોમણી જાગતારે;
નિરખ્યા તે નિંદ્રા લે નેણ હો લાલ,
લાલ કસુંબા નવ લીજીએરે. ૫
જે નર બહુ બુદ્ધિથી બોલતારે.
તે નર ભાખે ભાગા વેણ હો લાલ,
લાલ કસુંબા નવ લીજીએરે. ૬
જેની અતી સંભળાતી આબરૂરે,
તે નર લોકમાં નિંદાએ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે, ૭
જેનું સાચપણું જે માનતારે,
તે સાચ થતાં સમ ખાય હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૮
તોપણ સાચ મનાય નહી તેહનુરે;
સરવે લોક તજે વિસ્વાસ હો લાલ,
લાલ કસુંબા નવ લીજીએરે. ૯
તે નર દુનિયામાં જીવતો મુવોરે;
સારૂ મનુષ્ય ન બેસે પાસ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે ૧૦

બહુ દુખ છે એવા બંધાણુમાંરે;
કોઈ દિન મુગતી હોય હાણુ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૧૧
મરવી ઉપર પગ ધસવા પડેરે,
તે ઘડી આવે મોહડે ફીણ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૧૨
જે કોઇ તજશે વસ્તુ કેફનીરે,
રાજી થાશે શ્રી ભગવાન હો લાલ,
લાલ કસુંબા નવ લીજીએરે. ૧૩
શીક્ષા સુંદર દલપતરામનીરે
સજ્જન સૌ કોઈ ધરજ્યો કાન હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૧૪

ગરબી ૨૩

સારા માણસે કેફીની સંગત ન કરવી

રાગ ઉપલો.

સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો, ટેક.
સમજી કાળા સાપ સરીખો પાપ ભણી પરહરવોરે;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૧
દારૂ પીએ તે દઇત્ય સરીખો, કદી વિસ્વાસ ન કરીયે;
ભાંગ પીએ તે ભંગીયા જેવો, તેથી વેગળા રહીએ;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૨
પાખિ નારીને પ્રેત સરીખો, અફીણ ખાય તે એંઠવો
ગાંજાખોર તે ગાંડીયા જેવો. તેપણ વર્જીએ તેવોરે,
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૩
સંગ કરવાથી અંગ વણસશે, રંગ જશે બદલાઇ;

મનમાં હશે ઉમંગ ઘણા તે ભંગ થશે સહુ ભાઈ;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૪
પ્રથમ અફીણના પઇસા નહી લે, ઘરનું પાસે ઘોળી;
વળગાડીને થશે વેગળા રેહેશો આંખ્યો ચોળી;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૫
સઉને સરખા કરવા ડોલે, બોલે વાત બનાવી;
નાક કટે જેમ નાત વધારી, ભોળાને ભરમાવારે;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૬
ખરચશે ઘણા ગુણ ગાશે, પીશોને વળી પાશે;
જાશે જર જોબન દુખ થાશે, પછી ઘણા પસ્તાશોરે;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૭
આવા બોધને મેલી ઉચ્યા, લુચ્યા દુરગુણ લેશે;
સારા સજન સુણીને દોષ બીસારા દેશે,
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૮
દોષ તજે સંતોષથી સુણીને, રોશ ગમેતો રાખોરે;
દલપતરામ દુનિયાં મધે દેખે તેવુ દાખરે;
સજન સઘળાએ કેફીનો સંગ ન કરવો. ૯

ગરબી ૨૪.

ભરથાર વશ કરવા વિસે.

અલબેલીરે અમે માત જોવાને જઇઓ. એ રાગની છે.

લલના નહી થાય લગાર કામણ મંત્ર કર્સે,
આ મંત્ર કરો ઉચ્ચાર વશ ભરથાર થશે. ટેક.
પ્રાણ થકી પીઉજી છો પ્યારા, ન્યારા ન રહો નાથરે;
સરવ થકી લાગોછો સારા, હું વેચાઉ તમ હાથ, કા૦ ૧
તન મનમાં રહુ સાજી તાજી રાજી દેખુ રાજરે.

જો કદી જાણું કાંઇ કુરાજી.
કુભ્યાં દરીએ આઝ કા૦ ૨
માત પીતાએ મોટી કરીને હેતે સોંપ્યો હાથરે;
સુખ આપો કે દુઃખ આપો, તમે છો મસ્તકના નાથ;
કામણ મંત્ર કયા. ૩
ગુણ સાગર ગંભીરછોસ્વામી, હું અવગુણભરી આજરે
પોતાની ગણી પ્રેમ નીભાવે બાંહે ગ્રહ્યાની લાજ,
કામણ મંત્ર કયા. ૪
સ્નેહ તમારો જોઇને સ્વામી, જામી મીલત જેમરે,
ખુબ ખુશી થઇ ન રહી ખામી, પામી પુરણ પ્રેમ;
કામણ મત્ર કયે. ૫
ભલું કરયું ભગવંતે મારો સફળ કરયો અવતારરે,
મેહેર કરી મન ગમતો આપ્યો તમ સરખો ભરથાર;
કામણ મંત્ર કયા. ૬
સગાં સરવ તમ સારૂ તજીયાં તજીયા સઇયર સંગરે;
દોસ્તી સરવની દુર કરી, હું રાચી તમારે રંગ;
કામણ મત્ર કયા. ૭
આભ ઉંચો ને નીચે અવની, અવર નથી આધારરે;
આશા રાખુ એક તમારી, છો સુખના દાતાર;
કામણ મંત્ર કયા. ૮
જો સુંદરીને રીઝે સ્વામી, તો શોભે શણગારરે,
નહીતો તે સણગાર સરવ છે, આગ્ય તણા અંગાર,
કામણ મંત્ર કયા. ૯
દુનીયામાં નર તમને દેખુ, બીજા લાખ ફકીરરે;
તુચ્છ ગણુંછું તે સધળાને;

હોય અમીર વજીર કામણ મંત્ર કર્યા. ૧૦
જળ જંતુને જળ સંગાથે, જેવી પુરણ પ્રીતરે;
પલક પડે જો દુર તરફડે,
એજ અમારી રીત, કામણ મંત્ર કર્યા, ૧૧
પાર ન લે પ્રીતે પરણાવતાં, રથી બેશી એક ઠાસરે
રાત દીવશ કવીતા રચના જો,
રચશે દલપતરામ કામણ મંત્ર કર્યા.

ગરબી ૨૫

રામચંદ્રજીને સીતાનાં કાગળીઆનાં ઘેળ

મામેરૂ મોંઘા મુલનું એ રાગ.

સ્વસ્ત શ્રી પુરી લંકા સોહામણી,
જ્યા રાજે છે જનક કુમારી, પ્રીતમ લખે પ્યારીને,
રહો અખંડ એવાતન તમ તણું,
એવી આશીશ વાંચો અમારી
પ્રીતમ લખે પ્યારીને
ગોરી દઈવના જોગ જુદા પડ્યા,
પણ પ્રાણ મારા તમ પાસ,
પ્રીતમ લખે પ્યારીને. ૧
બેસુ બાગ બગીચે કે બંગલે, રહુ તમ વિના અધીક ઉદાશ
પ્રીતમ લખે૦ ૨
તારો સ્નેહ ઘડી ઘડી સાંભરે, તારો ભાવ ભુલ્યો કેમ જાય
પ્રીતમ લખે૦ ૩
મારે અરથે તમે બાળાપણ થકી, તજ્યો સઘળો પીયર
પરીવાર; પ્રીતમ લખે૦ ૪
તારી નમ્રતા અમ્રતથી ગળી, વળી શોભીતો શાંત સ્વભાવ;

પ્રીતમ લખે૦ ૫
જેથી મનની ઉદાશી તુરત મટે, તારા બોલનો એવો બનાવ
પ્રીતમ લખે૦ ૬
ગોરાંદે મણ વાસ્રા કેમ વિસરે, કેમ વીસરે વીલાપ ના
રયાં વેણ, પ્રીતમ લખે૦ ૭
હેત વસ્તુ વદન તારૂ વિનતા, મારાં નીરખવા તલખે છે
નેણ પ્રીતમ લખે૦ ૮
દીતથી તુજ વિના દીલમાં ગોઠે નહી, પીવું પાણી કે
જમવું અનાજ પ્રીતમ લખે૦ ૯
રાતે રોઇને આંખ્યો રાતી થઇ, લોક પુછે તો આવે છે
લાજ, પ્રીતમ લખે૦ ૧૦
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી; કાલે ભાગશે ભવના
વીજોગ પ્રીતમ લખે૦ ૧૧
જેથી રીજે આપણા જગપતી, એવો અહુનીશ કરવો ઉ
દ્યામ પ્રીતમ લખે૦ ૧૨
જે જે વ્રધ પાડોશીયો શુધ છે, તેને મીતથી કહેજો પ્રણામ
પ્રીતમ લખે૦ ૧૩
ચીલીક્ષણ મારા મીત્ર પવિત્રને, કેહેજો જરૂરતુ હોયજો કામ
પ્રીતમ લખે૦ ૧૪
જોઇતી વસ્તુ જરૂર મંગાવજો, કશી વાતે મુઝાશો ન મન
પ્રીતમ લખે૦ ૧૫
કાલે દેખીશુ દીવસ આનંદના, જાશે વીસરી આ દુખના
રયા દન; પ્રીતમ લખે૦ ૧૬
જે જે પ્યારી તમારી સાહેલીયો, તેને મણ મારો કેહેજો
જુહાર; પ્રીતમ લખે૦ ૧૭

સાસુ સસરાની આશીશ સુંદરી, મળશે ભામનીને ભરથાર પ્રીતમ લખે॰ ૧૯

વધે સ્નેહને સપ સુજન સાથે. તેવી તન મન રાખજો ટેવ; પ્રીતમ લખે॰ ૧૯

અમે થોડી અવધે આવશુ, એમ દલપતરામનો દેવ પ્રીતમ લખે॰

ગરબી ૨૬

સીતાજીના કાગળનું ધોળ

રાગ ઉપર પ્રમાણે

સ્વસ્તે શ્રી સંસ્થાન શોહામણું, જ્યાં રાજે સદા રઘુનાથ કાગળ લખે કામની॰ ૧

લખે લંકા થકી શીતા સુંદરી, હેતે વદ જોડી જોડ હાથ, કાગળ લખે કામની॰ ૨

પત્ર આવ્યો તમારો પ્રીતે ભરયો, વાલા વાંચી થયો વીસરામ; કાગળ લખે કામની॰ ૩

પાણ જીવણ તમથી જુદાં પડે, ઘણા દીવશ થયા ઘનશ્યામ; કાગળ લખે કામની॰ ૪

માટે મન મળવાને અકળાય છે, ઘડી એક તે જુગ જેવી જાય; કાગળ લખે કામની॰ ૫

મારા નેણના નીરથી નાથજી, સુતાં રજનીમાં સેજ ભિંજાય; કાગળ લખે કામની॰ ૬

ઘેર ચાલો હવે ધણી થઇ, નહીતો જીવડો જાશે જરૂર; કાગળ લખે કામની॰ ૭

દવે પાંખો આપી હોય પીંડમાં; ઉડી આવું દેશાવર દુર કાગળ લખે કામની॰ ૮

વાલા નીત્ય નવી વારતા વાંચીએ, જેથી પામીએ પુરો
પ્રમોદ; કાગળ લ૦ ૯
ચતુરાઇનાં ચોજ હું ચાળવું, આવો વિદ્યાનો કરીએ વિ
નોદ, કાગળ લખે કામની૦ ૧૦
ત્રાંબા કુંડી ઉંડી રૂડી આપતી, ભાવે ભરૂં મહી નીરમ
ળાં નીર; કાગળ લ૦ ૧૧
બેસો બાજોઠે ચહુડી મારા ચોકમાં સ્વામી નવરાવુ ચે
ળી શરીર; કાગળ લ૦ ૧૨
કરૂ સરસ રસોઇ રૂડી રીતથી, પ્રીતે પીરશી બેસુ હું પાસ
કાગળ લખે કામની૦ ૧૩
એવા દિવસ તે કયારે દેખાડશો, કયારે અંતરની પુરશો
આશ; કાગળ લખે૦ કામની૦ ૧૪
સ્વામી તમ વિના પીવરને સાસરૂં, સુનો લાગે છે સઘળો
સંસાર; કાગળ લખે કામની૦ ૧૫
મારા માંથાથી મુઘા પ્રભુ તમે; મારા આત્માના છો આ
ધાર કાગળ લ૦ ૧૬
આવે પરવના દીન સુખ સરવને; હું તો શોક ઉદાશી સ
દાય કાગળ લ૦ ૧૭
ગાજે મેઘ ને દમકે દામની, આખી જાબની જપ ન
થાય; કાગળ લ૦ ૧૮
હું તો સુની દેખું સુખ સેજડી, ખાલી મંદીર ખાવાને ધાય
કાગળ લખે કામની૦ ૧૯
ભરી વસ્તી ઉજડ જેવી ભાસે છે, એક તમ વિના ત્રિ
ભુવન રાય; કાગળ લ૦ ૨૦
વાલા હું તમને કેમ વીસરી, કેમ વિસાર્યું દાદાનું વતન

કાગળ લખે કામનીં૦ ૨૧

પત્ર વાંચીને વેહેલા પધારજો, સ્વામી શરીરના કરજો જ

તન. કાગળ લ૦ ૨૨

કોઈરે કુતીયા દેખીને દુખ પામતા, તેવી નાથ તમારી

છે ટેવ કાગળ લ૦ ૨૩

આવે અવસરે કેમ કઠણ થયા, તમે દલપતરામના દેવ;

કાગળ લખે કામનીં૦ ૨૪

અરખી ૨૭

ઘોળ.

જ્યારે રામચંદ્રજી તથા લક્ષમણ વનવાસ ચાલ્યા ત્યારે શીતાજીએ કહ્યું કે હુ પણ સાથે આવીશ તે સમે રામચંદ્રજીએ કહ્યુ કે તમે પીયર જાઓ તે સમેનુ ઘોળ.

"મામેરૂ મોંઘા મુલનુ એ રાગનું છે" પણ દાઢ જાસ્તી છે.

રામ લક્ષમણ વનમાં સીધાવતા, સતી શીતાને આવતા સાથ

કહે સ્વધુ નાથ પધારો પીયર ભણી. ૧

નહીંતો આંહી રહો સસરાના રાજમાં, હેતે હળી મળી સકુ

સુ સંઘાથ પધારો પીયર ભણી. ૨

અમે વસ્તીમાં નહી પશીએ વીનતા, અમે કરશું જઈ વન

વાસ; તમે પામો ત્રાસ. પધારો પીયર ભણી. ૩

સાથે રથ કે ઘોડું નહી રાખીએ; નહી રાખીએ દાશ

દાસ; કોઈ અમ પાસ પધારો પીયર ભણી. ૪

તમે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલતાથી પામો થાક

લીટી ખેંચો નાક, પધારો પીયર ભણી. ૫

અમે વનફળ ખઈ ખુશીમાં રહીશું. કોઈ દિવસતો કેવળ શા

ક, વીના લુણ પાક, પધારો પીયર ભણી. ૬

વનમાં નથી મંદીર નથી માળીયાં, નથી પોઢવા કાજપલંગ
રંગીત નવ રંગ. પધારો પીયર ભણી. ૭
ફરશું ઘાસ કે પાનની ઝુંપડી, સુવા સાથરે ખુચે અંગ; એ
માં શો ઉમંગ, પધારો પીયર ભણી, ૮
વનમાં હીરનાં ચીર તો નહી મળે, વનમાં નહી મળે ફૂર
તાં ફુલેલ, કે તેલ ધુપેલ, પધારો પીયર ભણી, ૯
વનમાં નહી મળે શાણી શાહેલિયો, ફરશું કે સંગે ખાંતેથી
ખેલ, ઉમંગ ભરેલ પધારો પીયર ભણી. ૧૦
વનમાં ઘાતકી રેહે છે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે છે બહુ ચો
ર, જેનું ઘણું જોર; પધારો પીયર ભણી. ૧૧
વનમાં વાઘ વરૂને વાંદર જેવા, ઘણા વિચરે જનાવર ઘોર
બચે નહી ચોર; પધારો પીયર ભણી. ૧૨
ઉનાળા કાળે વાસે ઉના વાયરા, એવું દખીને થાશો ઉદાશ
જ્યારે જેઠ માસ, પધારો પીયર ભણી. ૧૩
વરસે મેઘને ઝબકે વીજળી, તવે ટાણુંનો તરૂ તળે વાસ નહી
છત્ર પાસ. પધારો પીયર ભણી. ૧૪
મોટા પરવત દખીને માનની, તમે નજરે જોયા નહી જાય;
દીઠે ખાવા ધાય. પધારો પીયર ભણી. ૧૫
તમે રાજ્ય કન્યા કાયા કોમળી; વનવાસનાં દુખ ન વેઠાય.
કાયા કરમાય, પધારો પીયર ભણી, ૧૬
ઘરમાં અંધારૂ દેખી ડરો ઘણાં, નથી નીસરયાં કદી ઘર બા
ર છો નાજુક નાર, પધારો પીયર ભણી, ૧૭
તમે બાળક વય વર્ષ સોળનાં. નથી સંકટ વેઠયાં લગાર
તમે કોઇ વાર: પધારો પીયર ભણી. ૧૮
પરણી આવીને પીયર ગયાં નથી, તમને મળવાને ઇચ્છેછે

માય, ચંપે ચીત ચાય પધારો પીયર ભણી. ૧૯
રાજા જનકજી તમને જપે ઘણા, તેના સંદેશા આવે સદા
ય, નેડાં પાછાં જાય, પધારો પીયર ભણી. ૨૦
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહીપાળ પુ
રાવીને થાળ; પધારો પીયર ભણી. ૨૧
અમે અવધે ફરીને જ્યારે આવશુ, સ્નેહ લેશું તમારી સ
ભાળ; ત્યારે તત કાળ; પધારો પીયર ભણી. ૨
રૂડી મીથીલાપુરી મન માનતી, તેમાં પામશો પરમ વીરાન
છે બાપનુ ગામ; પધારો પીયર ભણી. ૨૩
ગોરી તમને ગમેતેમ હું કરૂ, એમ દલપતરામનો શામ,
કહે રાજારામ; પધારો પીયર ભણી. ૨૪

ગરબી ૨૮

સીતાજીના જવાબનું મેળ.

રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળીને શીતાજી કહે, સુણો સુંદર સ્યામ સુ
જાણ, પ્યારા મારા પ્રાણ, સાથે રાખો સ્નેહથી.
જુદા પડવાની વાત વાહાલા કહો, તેતો બોલ લાગે
તીખા બાણ, રહુ કુણ ભાણ, સાથે રા૦
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂ. તમથી વેગળી તે
પરદેશ, હું જાણું હમેશ સાથે રા૦ ૨
તમે જોગીનો વેશ જો ધારશો, તો હુ જોગણનો ધરૂ
વેશ, જટા કરૂ કેશ, સાથે રા૦ ૩
સ્વામી તમેરે સુખી તો સુખ માહરે, તમે દુખમાં તો
દુખ માહારે દેહ, એમાં શો સંદેહ; સાથે૦ ૪
જે કોઇ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બળ્યો

ધીક એહ, તુવા જેવી તેહ, સાથે૦ ૫
સ્વામી તમ વિના મંદીરને માળીયાં, ભાસેપરવત મો
હોટા સમાન, વસ્તી તો વેરાન સાથે૦ ૬
માહ્રા વનમાં ભરી વસ્તી ભાસસે, જ્યારે સ્વામી દરશ
ન દાન, કૃપાના નિશાન; સાથે૦ ૭
સાસુ સસરાને માત પીતા સહુ, ભલે જીવો કરો રૂડા
રાજ મને માહારાજ, સાથે૦ ૮
સ્વામી શું કરૂ ભાઇ ભોજાઇને, સ્વામી શું કરૂં સઇ
યર સમાન, કેનું નથી કાજ, સાથે૦ ૯
સાચુ સગપણ જગમાં સ્વામી તણુ. બીજો સ્વારથી
સઘળો સસાર, કુટંબ પરીવાર સાથે૦ ૧૦
મારા લાડ પાલણ તમે લાલજી, બીજો નથી આંસુનો
લોનાર કે એકે આધાર, સાથે૦ ૧૧
કાયા પ્રાણ થકી જો જુદી રહે, તો હું તમથી જુદી
પડુ છેક; રહુ તજી ટેક, સાથે૦ ૧૨
એ કોઇ જળથી જુદી પડી માંછલી, રાખે દુધમાં ક
રી વિવેક, જીવે પળ એક, સાથે૦ ૧૩
તમે સુખના સાગર રહો વેગળા, પછે શું કરૂ રાજને
પાટ; હવેલીના ઠાઠ, સાથે૦ ૧૪
મને હીરના ચીર ગમે નહી, મને ન ગમે ઘરણાના
ઘાટ, મટાડો ઉચાટ; સાથે૦ ૧૫
હું તો તમને દીઠે થાઉ દખતી, અણ દીઠે તો આંધ
ળી ભીંત, જનમની એ રીત; સાથે૦ ૧૬
મેં તો સ્નેહ તોડી સરવ લોકથી, બાંધી તમ સંગે પુ
રણ પ્રીત, ચોરાયુંછેચીત, સાથે૦ ૧૭

જમવું તમથી જીવન જુદાં પડી,હોય વિઘ્ન વિધનાં પ
કવાન, તે વિખનાં નિશાન સાથે૦ ૧૮
કરીએ ભોજન વમ સાથે ભાવતાં, હોય કેરાળ શાક કે
પાન, તે મેવા સમાન, સાથે૦ ૧૯
સ્વામી તડકાને તાપ વઇશાખના, તેતો જાણીશ ચંદ્ર
પ્રકાશ, રહે તમ પાસ સાથે૦ ૨૦
મુજને મેલી જો પંથ પધારશો, આવી મળવાની ન
ધરશો આશ, નકી પામું નાશ. સાથે૦ ૨૧
કરવી વાત ઢળી પડી ધરણીએ, નારી જાનકી થઇ ની
રાશ કહે લેતી સ્વાસ સાથે૦ ૨૨
દયા કરી દેવ દલપત રામને, શતી શીતાને દેખી ઉ
દાશ; જતાં વન વાસ. સાથે૦ ૨૩

ગરબી ૨૯

સુધરેલી સ્ત્રી વિશે.

"શેઠ સગળશા સાધુને ઘરે." એ રાગનું છે.

જેને સુધરેલી નારીરે, સદા સુખી તે સંસારી. ટેક
નીરમળ નમાણાં દીસે નીરતર. નેહ ભરેલાં નેણ,
મનને હરે એવાં મુખથી ખરતાં, વીણીને લઇએ વેણ; જેને
સ્વામીના ચીતમાં શોક કે ચિંતા, જો જાણે લવલેશ;
હેતે હસાવીને હિમત આપે, કાપે સમુળો કલેશ. જેને.
પુછીને જોતાં પધારા પતિની, જો મરજી ન જણાય;
પરઘર તો શાનું પગલુંજ માંડે, પીયર પણ નવ જાય; જેને
વરજીના મનની મરજી પ્રમાણે, કામ સદા કરનાર;
સુંદરી એ ભાગ્યશાળીના સારૂ, સરજી સરજનહાર, જેને
સુપનામાં કદી કોઇની સામે દ્રષ્ટિ કરે નહીં તેહ;

મેલ વિનાનું મન પણ નિરમળ, નિરમળ દીસે દેહ. જેને
આપે પ્રભુ એવો વઇભવ પામી, પામે પુરો સંતોષ;
સંકટમાં પણ સ્વામીની સાથે રીસ ન રાખે રોશ. જેને,
ગામમાં હોય ગરીબ પોતાથી; તેનું જુવે સુખ તોલ;
દોલતવાળાની દોલત દેખી, બોલે ન હલકા બોલ. જેને.
સ્વામાનો શુદ્ધ સ્વભાવ ગમે, મન રાચે સ્વામીને રૂપ.
પર પતીને તો પથર જેવા જાણે; હોય જો ભારે ભુપ; જેને.
સાંભળે શબ્દ શીખામણના તે. જીવમાં ચોટી જાય;
દુરગુણ દેખીને દુરથી નાસે. સદગુણ શીખે સદાય, જેને
આળસ ઉંઘ અતીશે ન દીસે; દીસે ઉદ્યોગી આપ,
ગંદકી તો જેને દીઠી ન ગમે, ન ગમે નઠારો સંગ. જેને
સ્નેહ વધારેને શોક ઘટાડે, લોકમાં પામે લાજ;
એવી મળે જો આ દુનીયામાં, સ્વર્ગ ઇચ્છે શા કાજ, જેને.
પુરણ પુન્યથી પુરૂષ પામે; નઉત્તમ એવી નાર;
દલપતરામ કહે દુનીયાંમાં, ધન એનો અવતાર. જેને.

ગરબી ૩૦

વેહેમ તજવા વિશેની

જે કોઇ અંબીકાજી માતને આરાધશેરે લોલ, એ રાગ.
સુણો શીખવા વિવેક એક વાતડીરે લોલ,
છુટે મુરખપણું છેક ખુલે છાતડીરે લોલ. ૧
શુધ્યા ગુણ ભરેલા ગ્રંથ ભણો ભાવથીરે લોલ.
પામો સ્ત્રી શતીનાં પથ એ પ્રભાવથીરે લોલ. ૨
તજો વેહેમ ભરી વાત વેહેમીએ કહીરે લોલ;
ભુત પ્રેતને પીશાચ સાચ છે નહીરે લોલ. ૩.
દોરા ચીઠી મત્ર જંત્ર જુઠા જો ગુજોરે લોલ;

આશા હુચકાની તંત્રમાં ન આણજોરે લોલ. ૪રં
દેતા દામ કરે કામ દેવ દેવીઓરે લોલ;
ઠેરે ઠામ ઠામ વાત એવીચારે લોલ. ૫
ફરી મેખ વરખ કુંભ ઠગે જોશીઓરે લોલ.
ગુડા ઉજાણીને દંભ ઠગે ડોશીયારે લોલ. ૬
કઇક પુત્ર પુત્રી કાજ ખતા ખાય છેરે લોલ;
તજી લાજ જોગી રાજ પાસે જાય છેરે લોલ.
વશી કરણ વાતથી લુટાય છેરે લોલ;
ભોળી ભામનીસ્ત્રોની જાત તે ઠગાય છેરે લોલ. ૮
ખરૂં માનીને ખચીત ચીત ચેતજોરે લોલ;
ધરો ગાવા હાવાં ગીત હઇએ હેતજોરે લોલ. ૯
જજે ભુલ્યા ભરયા ભર્મ મર્મ જાણશોરે લોલ; ૧૦
પાળવા પવિત્ર ધર્મ ઇચ્છા આણશોરે લોલ.
શરે કાજ વળી આજ પામો લાજનેરે લોલ. ૧૧
તજો તુછ જેવી ટેવ અડુમેરતારે લોલ;
રીજે દીલપતરામનો દેવ દેવતારે લોલ. ૧૨

કરોધ વિશે પદ ૩૧.

નાથ કેસે ગજકો બંધ છોડાયો, એ રાગનુ.

કોઇપર કરોધ નકરસો કદાપી, અતી કરોધછે પુરણ પાપી
કોઇપર કરોધ નકરશો. ટેક]

કરોધ કુબોધ અતી ઉપજાવે, સદા સુબોધને કાપી;
વાહાલા માંહી વિરોધ વધારે, શોધ સમુળો ઉથાપી. કો
કૃત્ય અત્ય કશુ ન વિચારે, જયારે રીસ રહે વ્યાપી;
મુખનું વચન ફેરી મુખમાં ના પેસે, છાપ ટળે છાપી
કોઇ પર૦ ૨

આપની સઘળીએ વિસરી સુમતીયો, ક્રોધ કુમતી જેને આપી;નહીકરવાનાં કામ કરી નર,રોયાછે વનમાંવિલાપી
કોધ ૫૨૦ ૩

ક્રોધ કરી ફરી ફરી પસ્તાયા, જે હતા તે મોટ પ્રતાપી દલપતરાગ કહે દુનિયામાં,ખ્યાત છે વાત સઘાપી. કો૦૪

ગીત ૩૨.

છઇએ ખોળામાં ઘાલી ખીચડી, છઇએ ઘેર ઘેર
માગી દીકરી એ રાગનુ

જ્યારે સીતાજી પરણીને ઉઠ્યાં ત્યારે પોતાની બેહેનપણીને પોતાના હરખની જે વાત કહી તે વિશેનુ ગીત

ઉઠયાં પરણીને જે સમે જાનકી,
વધ્યો હઇડામાં હરખ વિવા થકી. ૧
મળી શાણી સાહેલીને સુંદરી,
બોલી બોલ અતોલ ખુશી ભરી. ૨
સખી સાંભળ કહુ એરે વાતડી;
મારી આજ શીતળ થઇ છાતડી. ૩
મારો હરીવરે હાથ ઝાલીયો;
મને અખંડ ચુડો એને આલીયો. ૪
વર પામી સુંદર વર વીઠલો;
મેંતો કાને સુણ્યો તેતો દીઠલો. ૫
મને પળ ન ગમે હવે પીયરમાં;
મારૂં મન મોહ્યુ શામ શરીરમાં. ૬
ઘર મળીયો મને છેલ વાંકડો;
હવે શીદને ન રાખીએ આંકડો. ૭
વર પામી હુ તો વરણાગયો,

મેનો ભવો ભવ એ વર માગીયો. ૮
મને મનગમતું મળું સાસરૂ;
હવે કેમ ધડક મનમાં ધરૂં ૯
મારી એ સાંગે જેણે સગાઇ કરી;
એને આસીશ આપું ફરી ફરી. ૧૦.
ગુરૂને શીશ નામુ લળી લળી;
મને પરણાવી એ વરને વળી. ૧૧
હવે મન ગમતાં સુખ માનીએ;
કેમ કેઇની શરમ દીલ આણીએ. ૧૨
મારે કસર ન રહી કાંઇ વાતની;
મળે મળ્યા હરી માત તાતની, ૧૩
મને માનીતા કરી હરી થાપશે;
હું તો જે જે માગીશ તે તો આપશે, ૧૪
મારે નીસરી ખાણ્ય એ કરમની,
વાત મુરખ ન જાણે એ મરમની; ૧૫
પુન્ય પુરવ મે કીધા હશે ઘણાં,
તેણે પામી ચરણ પીઉજી તણાં. ૧૬
વરત દાન કરે જેને કારણે.
તેને પામી હું તો સુતી પારણે; ૧૭
હું તો કાશી કેદારમાં નવ ફરી.
હું તો ઘેર બેઠા એ વરને વરી. ૧૮
હવે સગા સંબંધીને શું કરૂં,
હું તો સુંદર વરની સાથે ફરૂં; ૧૯
મન માન્યું છે દસરથ લાલમાં,
વર લખ્યા સુંદર મારા ભાલમાં; ૨૦

ભુલી દુરમતી ગુરણી દેવને.
પરણી દલપતરામના દેવને. ૨૧

રૂસણું તોડવા વીશેનું:

હું ઇશ્વરને પુજવા નાસરીરે લોલ;
ગી ખા કંકાવટી વીસરીરે લોલ. એરગ.
કહું તે સખી કોઇને કહીશમારે લોલ.
કાલે રહ્યાતા કંથ રીસમાંરે લોલ. ૧
એક બોલ ન આવ્યો મારા ઉચારમાંરે લોલ.
તે ઘડીએ હું પડીવીચારમાંરે લોલ. ૨
શાને માટે રીસાયો જાણો સાસુનોરે લોલ,
આંખે પ્રવાહ વહે આંસુનોરે લોલ. ૩
ખાન પાનને ભુલી હું ગીત ગાનનેરે લોલ.
ભુલી શરીર કેરા ભાનનેરે લોલ. ૪
દીઠે દુખ થાય શુળ તો શરીરમાંરે લોલ,
હેત ગયું ટુટી હીર ચીરમાંરે લોલ, ૫
મને શુળી સમાન લાગ્યું સાસરૂરે લોલ.
સુજે નહી જે હવે શું કરૂરે લોલ; ૬
ચડયો ચાંદો અકાશે ભલા ભાગ્યનેરે લોલ.
ભડકો ઉઠયો તે જાણું આગનેરે લોલ. ૭
મેના પોપટ બોલે મુખ મીઠડાંરે લોલ.
દુઃખમાં મે શત્રુ જેવાં દીઠડાંરે લોલ. ૮
ભાસે વાડી તો ભંયકારથીરે લોલ.
આંખ્યોના પાટા જેવી આરસીરે લોલ. ૯
હું તો જઇ બેઠી દીવા આગળેરે લોલ,
કાંઇક પડે નજર ત્યાં કાગળેરે લોલ. ૧૦

ક્રિયા શોધતો અગ્નિબોધનુ ચોપાનીયુરે લોલ.
વાંચવા તે સારૂ મન માનીયુરે લોલ' ૧૧
ગરબી રૂપાણું તોડવાની રૂડા રાગનીરે લોલ.
ભાળી રૂપાળી છેલ્લા ભાગમાંરે લોલ. ૧૨
લઇને ગાવા લાગી હું જીભે જે ઘડીરે લોલ;
ત્યાંથી ઉઠીને આવ્યા તે ઘડીરે લોલ. ૧૩
હેત આણી વખાણી વાણી બોલીયારે લોલ;
દીલમાં હેરખીને ઘણું ડોલીયારે લોલ. ૧૪
જાણું ધનરે ઘડીને ધન રાતડીરે લોલ;
છુટ્યો કલેશ ઠરી છાતડીરે લોલ. ૧૫
ભલે આવ્યો આકાશ ચડી ચંદતુરે લોલ;
આપે છે આજતો આનંદ તુરે લોલ. ૧૬
એમ સ્ત્રી બોધથી બોધ ઉપજ્યોરે લોલ;
ભાઇરે કવિતાહારૂ ભલું થજોરે લોલ. ૧૭
ગરબી સાંભળીને રાખશે જે રૂશાણુરે લોલ;
પાપ તેના માંપે પ્રથ્વી તણુરે લોલ. ૧૮
એમાં બુદ્ધિ વિષેશવાળું જે હશેરે લોલ;
તુરત તે અઓલા તજી બોલસેરે લોલ. ૧૯
વીતી વાર તે લગાર નાવે વળીરે લોલ
સંપે વસો સદા સાંભળાનેરે લોલ. ૨૦
નથી વસવું મળીને વરસ સો બસેરે લોલ;
પંખીના માળાની પેઠ તે થશેરે લોલ. ૨૧
નહી કયારે કલેશ લેશ કીજીએરે લોલ;
પ્યારથી પ્રેમરસ પીજીએરે લોલ. ૨૨
માહારાજા ધીરાજ તેથી રીજશેરે લોલ;

નહીતો ખોટે ખરા તે ખીનશોરે લોલ. ૨૩

રૂદે રાખો રૂડા દલપતરામનારે લોલ;
કાઢી નાખોરે કેણ કામનારે લોલ. ૨૪

ગરબો ૪૦

ઉદેપુરના રાણાનો કેફ કરવા વિશે.

થાય છે કેફ કીધાથી દુખ કહું તે કેટલુંરે લોલ.
ઘણું જાય સઘળું સુખ જગતમાં જેટલુંરે લોલ;
મરવું મોત વિનાનું થાય કે, કેફ કીધા થકારે લોલ.
ભાઈરે જગમાં લજ્યા જાય, તમે જાણો નક્કારે લોલ;
વળી એક કહુંછું તેની વાત, સુણી વિચારજોરે લોલ.
હેત ધરીને દીન રાત, હૈયામાં ધારજોરે લોલ;
જેથી દુખ થયું એકવાર, તો દુર સમજુ થશેરે લોલ
ગયો દીન ખાએ માર કે, તોએ ત્યાં જશેરે લોલ;
છે એક મોટું ઉદેપુર ગામ કે, મારૂ દેશમાંરે લોલ.
રાણો રાજ કરે તે ઠામ કે, બાળે વેશમાંરે લોલ;
કેફ કીધાનો નિત્ય સ્વભાવ, કુંવરજીને ઘણોરે લોલ.
નારી પાંચ તણો એ નાવ રૂડો રળીઆમણોરે લોલ
એક દીન કેફ કીધી ભુપાળ મળીને મંડળીરે લોલ.
ચડતે રંગ મેહાલને માળ, પડયો ધરણી ઢળીરે લોલ
તેના પડતે છુટયા પ્રાણ ઘણી માઠી થઈરે લોલ.
જ્યારે થયું પુરજનને જાણ, કે ધીરજ નવ રહીરે લોલ
વરત્યો પુરમાં હાહા કાર, રૂવે નર નારીઓરે લોલ
કેફને બહુ કીધી ધિક્કાર, જેણે નર મારીયોરે લોલ.
જગમાં બહુ ખપનો નર જેહ, વિના મોતે મુવોરે લોલ
કેફ કીધાના છે ફળ એહ, વિચારીને જુઓરે લોલ.

સાંભળો ગુણ રતનાં તુલ, જેણે મરવા સમેરે લોલ;
કીધું કેફ અમારે કુળ, કદી ન કરો તમેરે લોલ.
એ આસરથી તે દીન આજ, ઉદેપુર માંહીએરે લોલ.
મદીરા કેફ તજે માહારાજ, કદી પાણ નવ પીએરે લોલ
જગમાં જે નર ચતુરસુજાણ, સુણી વિચારશેરે લોલ.
અકલ હીણા પુરૂષ અજાણ, સુણી વિસારશેરે લોલ
જે જન જે લજ્યા ખોનાર, કે કેફ કરે સહીરે લોલ;
તે જણનારીને ફીટકાર, પથર જણ્યો નહીરે લોલ,
કપડાં પેહેરેના આવત કામ, ભલા ઉપકારમારે લોલ;
હાલું કીધું જીવત હરામ, કશો નહી સારમાંરે લોલ.
એવો કોણ અભાગી હોય કે, મુખ કાળુ કરેરે લોલ;
છોડી ઘી સાકર રસ કોઈ, અમલ મુખમાં ધરેરે લોલ
એ છે હલકા જનનુ કામ, જેને લજ્યા નહીરે લોલ;
ઊંચો વરણ ન લેવે નામ, મદીરાનુ કહીરે લોલ.
ફીટરે નર કરનારા કેફ, કે નફટ તું થયોરે લોલ;
જગમાં તુંથી સારો બેલ, કે તાણે ગાડીયોરે લોલ.
કેફ કીધાની સાથે રોગ, સચેત શરીરમાંરે લોલ;
ફરી નહી આવે એવો જોગ, અંતર પીડમાંરે લોલ.
શિક્ષા સહુ કોઈ ધરજો કાન, દલપતરામનારે લોલ;
જે હોય જગમાં પુરૂષ સુજાણ, તેના કામનીરે લોલ.

પ્રભાતીયું

ઉઠની ઉઠની ઉઠની દીકરી;
કાં ધરે આશ નાશ માંહી;
એમ વાણી વદી પુત્રીની માત કહે,
ઉઠરે ઉઠરે ઉઠ ડાહી.

કાળ વહી જાય છે દંત ધાવાણુ તણો,
થાય છે દુખ પ્રગટ મુઇ રહેતાં;
દંત ધાવન કરી સ્નાન કર ચપળથી,
ભજ પછી ઇષ્ટ તાન સેહેતાં.
કર જરા હાજરી ઉદરની રૂચી થકી,
કર પછી પાઠ તાહારો;
પાઠ કર ચીત્ત દઇ, તજ રમત સ્વસ્તઇ,થ
જન્મના જન્મનો જાય મારે;
જે ભલી બેહેનીયો એમ નામ આચરો,
તે બને એષ્ટ સઉ સુજ્ઞ સાધે;
જે રમે રમતમે તે ભમે ભ્રમ ગમે,
તેને અંત્ય આવકાશમે દુખ માંધે.
દાસ મોહન કહે જ્ઞાન ત્યાં દુખ નહી,
એમ સત સુચના જાણ પ્યારી;
જા હવે ગુરૂ કને સમજ કાંઇ વાતને,
ચપળ ચીત રાખજે બેહેન મારી.

સમાપ્ત.